# મહિલા સશક્તિકરણ પર પુસ્તકાલયની ભૂમિકા

**મારૂ પિયુષકુમાર રમેશભાઇ**
એમ. ફીલ સ્કોલર, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
**જાડેજા જાનકીબા મયુરધ્વજસિંહ**
એમ. ફીલ સ્કોલર, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી

*સારાંશ*

*મહિલા સશક્તિકરણ પર પુસ્તકાલયની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરતું વર્તમાન અભ્યાસ. હાલના અભ્યાસ માં મહિલા વપરાશકર્તાઓ નો મર્યાદિત ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં લેવામા આવ્યુ છે.માહિતી એકત્ર કરવા માટે પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે આ પ્રશ્નાવલીમાં 31 પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યા હતા ,જેમા 100 જેટલી પ્રશ્નાવલીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને 80 જેટલી પ્રશ્નાવલી પાછી ફરી હતી. મહિલા સશક્તિકરણ પર પુસ્તકાલયની ભૂમિકા મહત્વની રહી છે પરંતુ પુસ્તકાલયના વિવિધ માહિતી સ્ત્રોતો મહિલા વપરાશકર્તાઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતા નથી અને પુસ્તકાલયના માળખા અને સુવિધાઓ સુધારી શકાય તેમ છે*

ચાવિરૂપ શબ્દો : મહિલા સશક્તિકરણ, પુસ્તકાલય, વેગ

**પ્રસ્તાવના**

મહિલા સશક્તિકરણ સમગ્ર વિશ્વમાં નોંધપાત્ર ચર્ચા અને ધ્યાનનું કેન્દ્ર બની ગયું છે અને પુખ્ત વયના શિક્ષણ સહિત અનેક શૈક્ષણિક શાખાઓમાં સંશોધન સાથે સંકળાયેલ છે. વિકાસશીલ વિશ્વમાં લિંગ અસમાનતાને દૂર કરવાના પ્રયત્નોમાં જુદી જુદી એજન્સીઓ મહિલાઓની સ્થિતિને વધારવાનો પ્રયાસ કરી રહી છે જેથી તેઓ સામાજિક આર્થિક, રાજકીય અને નાગરિક નેતૃત્વ જેવી વિવિધ ભૂમિકાઓમાં વધુને વધુ દૃશ્યમાન બની શકે. આપણે મહિલા સશક્તિકરણ પર પુસ્તકાલયની ભૂમિકા જાણતા પહેલા મહિલા સશક્તિકરણ વિશે જાણીએ મહિલા સશક્તિકરણ આધ્યાત્મિક, રાજકીય, સામાજીક અને આર્થિક રીતે મહિલાને સશક્ત કરવાના સંદર્ભે છે.આમાં મોટેભાગે તેમની પોતાની ક્ષમતામાં વિશ્વાસ કેળવવા સશક્ત કરવાનો સમાવેશ થાય છે. સશક્તિકરણમાં નીચેની ક્ષમતાઓનો સમાવેશ થાય છેઃ

- પોતાની નિર્ણય ક્ષમતા હોવી
- યોગ્ય નિર્ણય લેવા માટે માહિતી અને સ્રોતોની પ્રાપ્યતા
- વિકલ્પોની શ્રેણીની પ્રાપ્યતા જેમાંથી વ્યક્તિ પસંદગી કરી શકે (માત્ર હા કે ના, અથવા નહી)
- એકથી વધુ વ્યક્તિઓ જ્યારે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ હોય ત્યારે તેમની દૃઢતા
- બદલાવ લાવવા માટે પોતાની ક્ષમતા માટે સકારાત્મક વિચાર
- વ્યક્તિગત અને જૂથ શક્તિ વધારવા માટે શીખવાનું કૌશલ્ય
- લોકશાહીના આધાર પર લોકોના વલણ બદલવાની ક્ષમતા
- વિકાસની પ્રક્રિયા અને બદલાવમાં સામેલ થવુ અને સ્વમાન
- ભયમાંથી બહાર આવવુ અને પોતાની છબીને સુધારવી

સમાજએ મહિલાઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જાહેર અને ખાનગી સંસ્થાઓની સ્થાપના કરી છે. પુસ્તકાલય સમાજમાં એક મહત્વપૂર્ણ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે કારણ કે તે સામાન્ય લોકો માટે વિવિધ સેવાઓ પૂરી પાડે છે. તે આધુનિક સમાજમાં શૈક્ષણિક માહિતીના એજન્ટ તરીકે મહત્વનો સ્થાન ધરાવે છે. પુસ્તકાલયને સમાજના એક અભિન્ન ભાગ ગણવામાં આવે છે કારણ કે તેનવરાશના સમયનો સર્જનાત્મક ઉપયોગ, રાષ્ટ્રીય સંરક્ષણ સમાજનો વારસો, સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિકાસ અંગેના વિચારોના પ્રસારમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે.પુસ્તકાલય એક સ્થાનિક કેન્દ્ર છે અને તમામ જાહેર જનતા માટે ખુલ્લું છે અને

તેના વપરાશકર્તાઓને માહિતી એકત્ર કરવા, ગોઠવવા અને સાહસકાર્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આથી પુસ્તકાલય સામાજિક સંસ્થામાંનું એક છે જે સમાજના શૈક્ષણિક, સાંસ્કૃતિક, મનોરંજક અને માહિતીપ્રદ જરૂરિયાતોને અનુસરે છે.

લોકોને તેમના સ્વ વિકાસ માટેની માહિતીની જરૂર હોય છે. માહિતી દરેક માનવ પ્રવૃત્તિનો એક આવશ્યક ઘટક છે જેમા પુસ્તકાલયોનો ખુબ મોટો ફાળો રહ્યો છે.ખાસ કરીને ગ્રામ્ય અને વંચિત વિસ્તરોમાં પુસ્તકાલયોને હંમેશા સ્થાનિક વિસ્તાર વિકાસ અને મહિલા સશક્તિકરણ પ્રક્રિયામાં એક મહત્વના ઘટક તરીકે જોવામાં આવ્યું છે.મહિલાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને સમસ્યાના આર્થિક અને રાજકીય પરિમાણને સમજવા માટે પુસ્તકાલય મદદ કરે છે.પુસ્તકાલય મહિલાઓને નિર્ણયો લેવા અને હેલ્થ કેર, રોજગાર, હાઉસિંગ, પરિવહન અને તેમની રોજિંદા જીવનમાં સશક્તિકરણની તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે મદદ કરે છે.તકનીકી યુગમાં, નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લેનારા પ્રત્યેક મહિલા માટે માહિતી આવશ્યક છે તેથી આ અભ્યાસનો હેતુ મહિલા સશક્તિકરણ પર પુસ્તકાલયોની વિવિધ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવાનું છે

**પુસ્તકાલય**

પુસ્તકાલયોએ શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન, વાંચવાની આદતો વિકસાવવાનું અને જ્ઞાન અને માહિતીના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે પુસ્તકાલય એક સામાજિક સંસ્થા છે અને તે સામાજિક સેવા એજન્સી તરીકે કાર્ય કરે છેતેના વપરાશકર્તાઓને વિવિધ માહિતી પૂરી પાડે છે પુસ્તકાલયોએ શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન, વાંચનની આદતો વિકસાવવા અને જ્ઞાન અને માહિતીના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પુસ્તકાલયો માહિતી યુગના સૌથી મહત્વપૂર્ણ ઘટકો પૈકી એક છે. લોકોને શિક્ષણ અને સામાજિક વિકાસને ટેકો આપવા માટે પુસ્તકાલયો કાર્યરત છે. તેઓ સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પ્રગતિ, સ્વ-વિકાસ, આજીવન શિક્ષણ અને સાક્ષરતા પ્રમોશનમાં ભાગીદારો છે

**પુસ્તકાલય અને સ્ત્રી**

પુસ્તકાલયસમાજની માંગણીના તમામ પ્રકારની સેવાઓ સાથે શૈક્ષણિક કેન્દ્ર તરીકે રૂપાંતરિત થઈ શકે છે. કારણ કે આ એ કેન્દ્ર છે જે લોકો પાસેનો સરકારી ભંડોળ દ્વારા સુવિધાઓ ઉપલબ્ધ કરાવાનો સરળ માર્ગ છે. સ્ત્રીઓમાં શિક્ષણ વધારવા માટે પુસ્તકાલયો વિવિધ પ્રકારના સ્ત્રોતો અને સેવાઓ પૂરી પાડે છે. પુસ્તકાલયો નિર્ણાયક પ્રક્રિયામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે જ્યાં યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા માટે યોગ્ય માહિતી સાથે સ્ત્રીઓને સમૃદ્ધ બનાવવા મહત્વની ભૂમિકા ભજવે છે દરેક વિકાસલક્ષી અને શૈક્ષણિક યોજનામાં મહિલાઓનું શિક્ષણ અને તાલીમ ને જરૂરી માનવામાં આવે છે. સ્ત્રીઓને શિક્ષિત અને સુસંસ્કૃત બનાવવા માટે, અને આવા સમાજ માટે અસરકારક શૈક્ષણિક વ્યવસ્થા અને સારા પુસ્તકાલયની જરૂર છે.

**અભ્યાસનાં હેતુઓ**

- ❖ મહિલા સશક્તિકરણ માટે પુસ્તકાલયોની વિવિધ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવા.
- ❖ મહિલાઓ માટે વિશેષ સંદર્ભ સાથે શિક્ષણ, સામાજિક આર્થિક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રાજકીય વિકાસ માટે કેટલા પુસ્તકાલયો મદદરૂપ છે તે જાણવા માટે
- ❖ સશક્તિકરણ માટે મહિલા દ્વારા પુસ્તકાલયની માહિતી અને સંચાર તકનીકના સાધનો અને સેવાઓનો ઉપયોગ અને જાગૃતિ શોધવા.
- ❖ મહિલા સશક્તિકરણ માટે પુસ્તકાલયોની વિવિધ પ્રવુતિઓનો અભ્યાસ કરવા
- ❖ મહિલા સશક્તિકરણ માટે યોગ્ય પગલા સુચવવા

**માહિતી મેળવવાની પદ્ધતિ**

વર્તમાન અભ્યાસ માટે, અભ્યાસ માટેનની માહિતિ માટે મુખ્ય સાધન તરીકે પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ પ્રશ્નાવલીને ત્રણ ભાગમાં વિભાગમાં બનાવવા માં આવી હતી.પ્રથમ ભાગ વ્યક્તિગત વિગતો સાથે સંકળાયેલ હતો.બીજા વિભાગ માં 1થી 15 પ્રશ્નો જેમાં મહિલાઓ અને પુસ્તકાલય બન્ને ચલોને સાથે સાકળવામાં આવ્યા હતા.ત્રીજા ભાગમાં 16થી 31 પ્રશ્નો હતા જેસમસ્યાના તાર્કિક રીતે પસંદ કરેલ પ્રશ્નો સાથે પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી.

મુખ્ય વપરાશકર્તાઓ વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સરકારી કર્મચારીઓ અને અન્ય લોકો છે. અભ્યાસ માટે રેન્ડમ નમૂના તકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. 100 જેટલી પ્રશ્નાવલિનું વિતરણ કરવામાં આવ્યું હતું અને 80 જેટલી પ્રશ્નાવલિ પાછી ફરી હતી. વિશ્લેષણ માટે ટકાવારી પદ્ધતિ અને આલેખ પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

**માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ**


માહિતી વિશ્લેષણ અને અર્થઘટનને સંશોધન અહેવાલના હૃદય તરીકે ગણવામાં આવે છે. વિશ્લેષણનો અર્થ એ છે કે અભ્યાસ હેઠળ વસ્તુઓની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરવા માટે અને તેના સંબંધિત ચલો વચ્ચેના સંબંધનો સ્વરૂપ નક્કી કરવા માટે ભેગાથઇ અને જૂથ થયેલ માહિતિની ટીકાત્મક પરીક્ષા છે. એકત્રિત માહિતીનો વિશ્લેષણ કરવામાં આવે છે અને નીચે મુજબ જરૂરી અર્થઘટન સાથે આલેખો,ચાર્ટ અને આંકડાઓના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે

❖ મહિલાઓનો પુસ્તકાલય સાથે સંબંધ

સૌ પ્રથમ અભ્યાસ દ્વારા એવુ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યું કે સ્ત્રીઓ પુસ્તકોનુ વાંચન કરે છે ? જેમા 93.75% મહિલાઓ પુસ્તકોનું વાંચન કરે છે અને 6.25% મહિલાઓ પુસ્તકોનું વાંચન કરતી નથી.જ્યારે પુસ્તકાલય અંગે પૂછવામા આવ્યું ત્યારે 87.5% મહિલાઓ પુસ્તકાલયનો ઉપયોગ કરે છે આવી મહિલાઓનું માનવુ છે કે પુસ્તકાલય દ્વારા તેમને નવુ જ્ઞાન મળે છે તથા તેમને ખ્યાલો સમજાવવામાં, ભણાવવામાં, પરિક્ષાની તૈયારી માટે મદદ મળે છે તથા કેટલીક મહિલાઓ પુસ્તકાલય નો ઉપયોગ શોખ માટે કે વાંચન માટે કરે છે. 6.25% મહિલાઓ પુસ્તકાલયનો ઉપયોગ કરતી નથી કારણ કે તેમનું માનવુ એવું છે કે તેમને પુરતા પુસ્તકો મળતા નથી ક્યા તો તેઓ ઇન્ટરનેટ દ્વારા વાંચન કરે છે.6.25% સ્ત્રીઓએ આ પ્રશ્ન અંગે નિરશતા દાખવી. પુસ્તકાલયનો ઉપયોગ કરનાર મહિલાઓ માંથી 46.67% મહિલાઓ પુસ્તકાલય સાથે સભ્યપદ ધરાવે છે અને બાકીની 53.33% મહિલાઓ સભ્યપદ ધરાવતી નથી.

મહિલાઓ કેટલા સમયથી પુસ્તકાલય સાથે જોળાયેલ છે જે કોષ્ટક નં .૧ માં જોવા મળે છે.


કોષ્ટક નં .૧




ઉપરના કોષ્ટક નં .2 ના આધારે કહી શકાય કે મોટાભાગની 44.45% મહિલાઓ 5થી વધુ વર્ષોથી પુસ્તકાલય સાથે જોડાયેલી છે અને19.44% મહિલાઓ 0-1વર્ષથી પુસ્તકાલય સાથે જોડાયેલી છે

મહિલાઓ પુસ્તકાલયમાં કેટલો સમય ફાળવે છે જે કોષ્ટક નં .૨ માં જોવા મળે છે.

કોષ્ટક:૨





ઉપર ના કોષ્ટક નં .૨ ના આધારે કહીશકાય કે મોટાભાગની 56.94% મહિલાઓ 0-1 કલાક જેટલો સમય પુસ્તકાલયમાં ફાળવે છે અને 9.73% મહિલાઓજ માત્ર 5થી વધુ કલાકો પુસ્તકાલયમાં ફાળવે છે

અભ્યાસ દ્વારા જાણવા મળ્યુ કે 12.5% મહિલાઓ પુસ્તકાલયની દરરોજ મુલાકાત લે છે.17.5% મહિલાઓ નિયમીત રીતે પુસ્તકાલયની મુલાકાત લે છે જ્યારે મોટાભાગની 61.25% મહિલાઓ પુસ્તકાલયની ક્યારેક જ મુલાકાત લે છે અને 8.75% મહિલાઓ પુસ્તકાલયની મુલાકાત લેતી નથી

મહિલાઓ પુસ્તકાલયનો ઉપયોગ જુદા-જુદા હેતુથી કરતી હોય છે જેવાકે વાંચન માટે/નવુ જ્ઞાન મેળવવા/મનોરંજન માટે/સમયપસાર કરવા/અન્ય વગેરે રીતે ઉપયોગ કરે છે.

કોષ્ટક નં .3


પુસ્તકાલયનો ઉપયોગ



ઉપર મુજબ કોષ્ટક નં .3 દ્વારા જાણી સકાય છે કે મહિલાઓ પુસ્તકાલયનો ઉપયોગ શા માટે કરે છે.

અભ્યાસ દ્વારા એવુ જાણી શકાયુ કે પુસ્તકાલયનો ઉપયોગ કરતી મહિલાઓમાં, મહિલાઓ પુસ્તકાલયમાં કેવા પ્રકારનું વાંચન કરે છે જે કોષ્ટક નં .૪ મા દર્શાવવામાં આવ્યુ છે

કોષ્ટક નં .૪





પુસ્તકાલયો જુદી-જુદી સગવડો પુરી પાડે છે જેમા મહિલાઓ ના મતે 76.25 % પુસ્તકાલયોમાં વાંચન ખંડની સુવિધા છે,38.75% પુસ્તકાલયો ઇન્ટરનેટ બ્રાઉઝર ની સુવિધા પુરી પાડે છે.36.25% પુસ્તકાલયો ડિજીટલ લાઇબ્રેરીની સુવિધા પુરી પાડે છે.10% પુસ્તકાલયોમાં સભાગ્રૃહની સુવિધા ઉપલબ્ધ છે,5% આર્ટ ગેલેરીની સુવિધા પુરી પાડે છે.આ સિવાય પુસ્તકાલયો અન્ય સુવિધા પણ પુરી પાડે છે જેવી કે તારીખ રૂપાંતર,મોબાઈલ લાઇબ્રેરી વગેરે.


અભ્યાસ દ્વારા એવુ જાણવા મળ્યુ કે 77.50% મહિલાઓ ઇ-લાઇબ્રેરી વિશે જાણે છે જ્યારે 22.50% મહિલાઓ ઇ-લાઇબ્રેરી વિશે જાણતી નથી તથા 50% મહિલાઓ ઇ-લાઇબ્રેરી નો ઉપયોગ કરે છે 32.25% મહિલાઓ એવી છે જે ઇ-લાઇબ્રેરી વિશે જાણે છેપરંતુ તેનો ઉપયોગ કરતી નથી.જ્યારે તેમને પુછવામાં આવ્યુ કે મહિલા સશક્તિકરણમાં કોનો ફાળો વધુ છે પુસ્તકાલય કે ઇ-લાઇબ્રેરી ત્યારે 65.15% મહિલાઓનો માનવુ હતુ કે પુસ્તકાલયનો ફાળો વધુ છે જ્યારે 34.85% મહિલાઓનો માનવુ હતુ કે ઇ-લાઇબ્રેરીનો ફાળો વધુ છે

મહિલાઓ પુસ્તકાલયમાં કેવા પુસ્તકો અને સામાયિકોનું વાંચન કરે છે જે કોષ્ટક નં .6 અને કોષ્ટક નં .7 માં દર્શાવવામાં આવ્યુ છે

કોષ્ટક નં .૫




કોષ્ટક નં .૬





❖

❖ પુસ્તકાલય અને મહિલા સશક્તિકરણ

અભ્યાસમાં જાણવા મળ્યુ કે 97.44% મહિલાઓ માને છે કે સ્ત્રીઓ માટે પુસ્તકાલય સલામત જગ્યા છેજ્યારે 2.56% મહિલાઓનુમાનવુ છે સ્ત્રીઓ માટે પુસ્તકાલય સલામત જગ્યા નથી. 41.33% મહિલાઓ એવુ માને છે કે સ્ત્રીઓ માટે અલગ પુસ્તકાલય ની વ્યવસ્થા હોવી જોઇએજ્યારે 58.67% મહિલાઓ એવુ માનવુ સ્ત્રીઓ માટે અલગ પુસ્તકાલય ની વ્યવસ્થા ન હોવી જોઇએ.જ્યારેહાલમાં 24% જેટલા પુસ્તકાલયોમાં મહિલા માટે અલગ વિભાગ ફાળવવામાં આવ્યો છે

નિચેના કોષ્ટક નં .૭ મા મહિલા સશક્તિકરણમાં મહિલાઓના મતે કોનો ફાળો વધુ છે તેનો અભ્યાસ કરી શકાયો છે.

કોષ્ટક નં ૭




અભ્યાસમાં 89.87% મહિલાઓનો એવુ માનવુ છે કે પુસ્તકાલયના કારણે મહિલા સશક્તિકરણ માં વેગ મળે છે જ્યારે 10.13% મહિલાઓનો આ માનવુ નથી.97.5% મહિલાઓનું એવુ માનવુ છે પુસ્તકાલયના કારણે મહિલાઓ ની પરંપરાગત વિચારસરણી માં ફેરફાર થાયછે પરંતુ 2.5% મહિલાઓનો આવુ માનવુ નથી.90% મહિલાઓનું એવુ માનવુ છે પુસ્તકાલય મહિલાઓ ને પડકારો નો સામનો કરવા માં મદદરૂપ થાય છે.જ્યારે 10% મહિલાઓ એવિ મન્યતા ધરાવતી નથી.98.75% મહિલાઓનો એવુ માનવુ છે કે પુસ્તકો વાંચવાથી મહિલાઓના આત્મવિશ્વાસમાં વધારો થાય છે જ્યારે 1.25% મહિલાઓ એવી માન્યતા ધરાવતી નથી.જ્યારે તેમની સામે પ્રશ્ન મુકવા આવ્યું કેપુસ્તકો ના કારણે મહિલાઓને તેમના હકો પ્રત્યે જાગ્રુતીમાં વધારો થયો છે ? ત્યારે બધીજ મહિલાઓએ 100% હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.96.20% મહિલાઓનો એવુ માનવુ છે કે પુસ્તકો વ્યવસાય માં મદદરૂપ થાય છે.70.59% પુસ્તકાલય દ્વારા મહિલા સશક્તિકરણ ના કર્યક્રમો હાથ ધરાતા નથી માત્ર 29.41% પુસ્તકાલય દ્વારા મહિલા સશક્તિકરણ ના કર્યક્રમો હાથ ધરાય છે.66.67% મહિલાના મતે મહિલા સશક્તિકરણ પર વધુ પુસ્તકો લખવાની જરૂર છે જ્યારે 33.33% મહિલાઓના મતે આવા પુસ્તકો લખવાની જરૂર નથી

કોષ્ટક નં .૮

મહિલા સશક્તિકરણ મા પુસ્તકાલયનો ફાળો સ્ત્રી માટે શૈક્ષણીક સંસ્થા તરીકે પુસ્તકાલયનો ફાળો એજ્યુકેશન ગેપ પુરૂ પાડવા માં પુસ્તકાલયનો ફાળો ગ્રામિણ ક્ષેત્રની મહિલાઓ માટે પુસ્તકાલય નો ફાળો રોજગારી તથા સ્વ-રોજગારી મેળવવા પુસ્તકાલય નો ફાળો સ્ત્રીઓમાં કૌશલ્ય વિકાસમાટે પુસ્તકાલયનો ફાળો

ઉપરના કોષ્ટક નં .૮ દ્વારા જુદી-જુદી બાબતો અંગે પુસ્તકાલય નો ફાળો જાણી શકાય છે.જેમા મહિલા સશક્તિકરણ ને ત્રણ રેટ મળ્યા છે જે સુચવે છે મહિલા સશક્તિકરણ મા પુસ્તકાલયનો ફાળોમધ્યમ છે. સ્ત્રી માટે શૈક્ષણીક સંસ્થા તરીકે પુસ્તકાલયનો ફાળો વધુ છે, એજ્યુકેશન ગેપ પુરૂ પાડવા માં પુસ્તકાલયનો ફાળો મધ્યમ છે જ્યારે ગ્રામિણ ક્ષેત્રની મહિલાઓ માટે પુસ્તકાલય નો ફાળો ઓછો છે. રોજગારી તથા સ્વ-રોજગારી મેળવવા પુસ્તકાલય નો ફાળો પણ મધ્યમ છે જ્યારે સ્ત્રીઓ માં કૌશલ્ય વિકાસમાટે પુસ્તકાલયનો ફાળો વધુ છે.

**અભ્યાસ ના ફાયદા**

❖ આ અભ્યાસ દ્વારા મહિલાઓનો પુસ્તકાલય તરફનો વલણ જાણી શકાયો
❖ મહિલા સશક્તિકરણ માટે પુસ્તકાલયોની વિવિધ પ્રવુતિઓનો અભ્યાસ કરી શકાયો
❖ ઇ-લાઇબ્રેરી જેવા નવા ખ્યાલો અંગે મહિલાઓનો અભિપ્રાય જાણી શકાયુ
❖ મહિલાઓમાં કેવા પ્રકારના પુસ્તકો સામાયિકો અંગે રૂચી છે તે જાણી શકાયુ
❖ મહિલાઓ નો પુસ્તકાલય અંગેનો ખ્યાલ અને અભિપ્રાય મેળવી શકાયુ
❖ મહિલા સશક્તિકરણ અંગે નવા ખ્યાલ અને વેગ માટે અભિપ્રાય મેળવી શકાયુ

**અભ્યાસની મર્યાદા**

- માત્ર શિક્ષિત વર્ગ ને ધ્યાનમાં લઇ આ અભ્યાસ કરવામાં આવ્યુ છે.
- આ અભ્યાસ માત્ર મહિલાઓ ને અનુલક્ષી કરવામાં આવ્યુ છે.
- આ અભ્યાસમાં મર્યાદિત ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં લેવામા આવ્યુ છે.
- આ અભ્યાસ માત્ર 2017 પુરતુ મર્યાદિત છે.

**અભ્યાસના તારણો**

- પુસ્તકો થકી મહિલાઓમાં વિચારશક્તિ વધે છે તથા તેમને પ્રેરણા મળે છે
- પુસ્તકાલય નવુ શીખવા તથા નવુ જ્ઞાન મેળવવામાં મદદરૂપ થાય છે
- પુસ્તકાલય દ્વારા એજ્યુકેશન ગેપ દૂર કરી શકાય છે
- મહિલાઓનુ માનવુ છે કે પુસ્તકાલય દ્વારા તેમને તેમના હકો પ્રત્યે જાગ્રુતી મળે છે
- સમકાલિન જીવનથી મહિતગાર થઇ તદઉપરાંત જે બાબતો અંગે અજાણ હોઇએ તે બાબતો જાણી શકાય છે.તેમ જ સર્જનાત્મકતા ખીલે છે.
- પુસ્તકાલય દ્વારા મહિલા કેળવણી ને વેગ મળ્યો છે જેથી તે દરેક સંજોગોમાં પડકારનો કઇ રીતે સામનો કરવો તે અંગે ખ્યાલ મેળવી શકાયો છે
- મોટાભાગની મહિલાઓ ની પરંપરાગત વિચારસરણી માં ફેરફાર થાયછે
- પુસ્તકાલયના કારણે મહિલાઓમાં રોજગારી તથા કૌશલ્ય વિકાસમાં પણ વધારો થયો છે
- યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે.
- પોતાના પર વિશ્વાસ કેળવવા તથા સ્વનિભર બનતા શીખવે છે.

**અભિપ્રાય તથા સૂચનો**

- જ્યા ઇ-લાઇબ્રેરી અંગેની સુવિધા ઉપલબ્ધ ન હોય ત્યા આવી સેવા ઉપલબ્ધ કરાવવી
- સશક્ત નારીઓની આત્મકથાઓ વધુ લખવાની જરુર છે.
- પુસ્તકાલયમાં મહિલાઓના વિકાસને લગતા કાર્યક્રમો હાથ ધરાવવા જોઇએ
- કોઇ બનાવ ન બને તથા મહિલાઓની સલામતી માટે અલગ વિભાગની ફાળવણી કરવી જોઇએ.
- પુસ્તકાલયો દ્વારા જે મહિલાઓ અભણ છે તે વાંચી તેમ જ લખી શકે તેવા કાર્યક્રમો હાથ ધરવા.
- ચિત્રો આધારિત પુસ્તકો હોવા જોઇએ જેથી જે વાંચી ન શકે તે સમજી શકે.
- પુસ્તકાલયમાં સ્વચ્છતા,બેઠક વ્યવસ્થા,પુરતુ ફર્નીચર,શૌચાલય વગેરે. જેવી સુવિધા પ્રાપ્ય હોવી જોઇએ
- મહિલા સશક્તિકરણ  માટે વધુ પુસ્તકો લખાવવાની જરૂર છે જેથી અન્ય મહિલાનાં પ્રેરણાદાયક પ્રસંગો દ્વારા સારી શીખ મેળવી શકાય છે.
- તમામ પ્રકારના સાહિત્યો પ્રદાન કરવા જોઇએ
- મહિલા સશક્તિકરણને વેગ મળે તે માટે નાના-મોટા કર્યક્રમો કરવા જોઇએ

**ઉપસંહાર**

મહિલા સશક્તિકરણ પ્રક્રિયામાં પુસ્તકાલય મહત્વની ભૂમિકા ભજવે છે.પુસ્તકાલય મહિલા સશક્તિકરણ માટે જરૂરી માહિતી તેમજ માર્ગદર્શન પૂરી પાડે છે.પુસ્તકાલયના કારણે મોટાભાગની મહિલાઓ ની પરંપરાગત વિચારસરણી માં ફેરફાર થયોછે. પુસ્તકાલયના કારણે મહિલાઓમાં રોજગારી તથા કૌશલ્ય વિકાસમાં પણ વધારો થયો છે.પુસ્તકાલયોએ મહિલાઓની સુધારણા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ઇ-લાઇબ્રેરી જેવા નવા ખ્યાલો અંગે મહિલાઓનો અભિપ્રાય જાણી શકાયુ છે.મહિલા સશક્તિકરણ અને પુસ્તકાલય આ બન્ને ચલો એકબીજા સાથે સંકળાયેલા છે તેમજ મહિલા સશક્તિકરણ પુસ્તકોની હકારાત્મક અસર જોવા મળી છે.

**સંદર્ભ**

1. Sasi P K. “Role of public library on women empowerment in Kerala “ Thesis.Department of Library and Information Science, University of Calicut, 2015
2. Role of Public Libraries on Women Empowerment: A Study with Special Reference to District Library Malappuram - Sasi P.K
3. રાષ્ટ્રીય ગ્રંથાલય પરિસંવાદ અને ગુ. ગ્રં. સે. સં.નો 29મોગ્રંથાલય પરિસંવાદ-2013
4. www.googel.com
5. www.sodhganga.com
6. www.gu.vikaspedia.in